કેસ દાખલ તારીખ :– ૧૩.૧૦.૨૦૨૫

કેસ નોંધ્યા તારીખ :– ૧૩.૧૦.૨૦૨૫

કેસ નિર્ણય તારીખ :– ૦૯.૦૪.૨૦૨૬

અવધિ :– વર્ષ ૦૦, મા.૦૫, દિ.૨૬

મે.ખેડાના અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ખેડા.

ક્રિ.કે.નં.૮૮૯/૨૦૨૫

આંક :– ૧૦

ફરીયાદી :–

શ્રી સરકાર.

**વિરૂઘ્ધ**

તહોમતદાર :–

વિશાલ ઉર્ફે પિયુષ મુકેશભાઈ મકવાણા (ઠાકોર),
ઉ.વ.૧૮, ધંધો : પ્રા.નોકરી,
રહેવાસી. કનેરા, પટેલવાસ, તા.જી.ખેડા.

---

**ગુન્હો:–** બી.એન.એસ.કલમ–૭૪, ૩૫૨, ૩૨૪(૪) મુજબ.

---

ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી પી.આર.ત્રિવેદી

આરોપી પક્ષ તરફે વિ.વકીલશ્રી એસ.જી.મલેક

---

**// ચુકાદો //**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા.૦૧.૦૧.૨૦૨૫ ના કલાક ૨:૦૦ વાગ્યાના સુમારે મોજે કનેરા મહાદેવના મંદીર પાસે, તા.જી.ખેડા ખાતે આ કામના ફરીયાદી નીધીબેન તથા સાહેદ સાક્ષીબેન તેમના

એકટીવા નં.જીજે.૦૧ વીપી.૧૪૭૯ ઉપર જતા હતા તે વખતે આરોપીએ એકટવા ઉભુ રખાવી ફરીયાદીની આબરૂ લેવાના ઈરાદે હાથ પકડી ખેંચતાણ કરી ગમે તેમ ગાળો બોલી પથ્થર વડે એકટીવાની આગળની લાઈટ તોડી નાખી નુકસાન કરેલ તે મતલબની ફરીયાદ આપતાં પોલીસે તે આધારે પો.સ્ટે. ગુના રજી.નં.૧૧૨૦૪૦૨૫૨૫૦૦૦૧/૨૦૨૫ થી બી.એન.એસ.કલમ–૭૪, ૩૫૨, ૩૨૪(૪) મુજબનો ગુનો નોંધી લઈ તેની આગળની તપાસ આ કામના તપાસ કરનાર અમલદારશ્રીને સોંપતાં તેઓએ જરૂરી તપાસના અંતે હાલના આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ રજુ કરેલ છે.

(૨) <u>કોર્ટ કાર્યવાહી.</u>

આ કામનાં આરોપીને સમન્સ કરતાં સમન્સની બજવણી થતાં અને આરોપી કોર્ટમાં હાજર થતાં, તેને પોલીસ પેપર્સની નકલો બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ અન્વયે વિના મુલ્યે પુરી પાડયા બાદ, આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી, સમજાવી આંક–૦૪ તળે જવાબ નોંધતાં, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવો છે તેવું જણાવતાં કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) <u>ફરીયાદ પક્ષનો પુરાવો.</u>

આ કામે આરોપી સામેનો કેસ પુરવાર કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવા</u> :–

(૧) આંક–૦૫ થી ફરીયાદી નીધીબેન રજનીકાન્ત પટેલની જુબાની.

(૨) આંક–૦૭ થી સાહેદ રજનીકાન્ત ચંદુભાઈ પટેલની જુબાની.

<u>દસ્તાવેજી પુરાવા</u> :–

(૧) આંક–૦૬ થી ફરીયાદ.

(૨) આંક–૦૮ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું.

(૪) <u>બચાવ પક્ષનો પુરાવો.</u>

ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ પુરાવો તપાસેલ નથી અને ફરીયાદ પક્ષે આંક–૦૯ થી પુરાવો બંધ કરવા અંગેની પુરસીસ રજુ કરતાં, પુરાવો બંધ કરવામાં આવેલ છે. રજુ પુરાવો જોતાં, આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રજુ થયેલ ન હોઈ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) <u>દલીલો.</u>

આ કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી પી.આર.ત્રિવેદીની તથા આરોપી તરફે વિ.વકીલશ્રી એસ.જી.મલેકની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) <u>મુદ્દાઓ.</u>

ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયિક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૦૧.૦૧.૨૦૨૫ ના કલાક ૨:૦૦ વાગ્યાના સુમારે મોજે કનેરા મહાદેવના મંદીર પાસે ,તા.જી.ખેડા ખાતે આ કામના ફરીયાદી નીધીબેન તથા સાહેદ સાક્ષીબેન તેમના એકટીવા નં.જીજે.૦૧. વીપી.૧૪૭૯ ઉપર જતા હતા તે વખતે આરોપીએ એકટવા ઉભુ રખાવી ફરીયાદીની આબરૂ લેવાના ઈરાદે હાથ પકડી ખેંચતાણ કરી ગમે તેમ ગાળો બોલી પથ્થર વડે એકટીવાની આગળની લાઈટ તોડી નાખી નુકસાન કરી, બી.એન.એસ. કલમ ૭૪, ૩૫૨, ૩૨૪(૪) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ આપવામાં આવે છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

// કા ર ણો //

મુદ્દા નંબર ૧ અને ૨ ની ચર્ચા.

(૮) ફરીયાદપક્ષના પુરાવાઓનું મૂલ્યાંકન કરતા અગાઉ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૩૪ અને ૧૦૧ની જોગવાઈ નીચે પ્રમાણે છે.

ભા. પુ. અધિ.ની કલમ કલમ– ૧૩૪

સાક્ષીઓની સંખ્યા કોઈ હકીકતની સાબિતી માટે સાક્ષીઓ ની અમુક જ સંખ્યા કોઈ કેસમા આવશ્યક ગણાશે નહી.

આમ કાયદાની ઉપરોકત જોગવાઈ નજર સમક્ષ રાખતા જો એક સાહેદની જુબાની વિશ્વસનીય અને માનવા લાયક હોય તો તેના ઉપર આધાર રાખી શકાય.

ભા. પુ. અધિ.ની કલમ–૧૦૧ સાબિતીનો બોજો

જે કોઈ એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઈ બીજુ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવુ પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. કોઈ વ્યકિત, કોઈ હકીકતનુ અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર છે, એમ કહેવાય.

આમ ફોજદારી કેસમા મૂળભુત સિધ્ધાંત છે કે ફરીયાદીએ તમામ શંકા રહીત પોતાનો કેસ પુરવાર કરવો પડે અને તે અંગે આરોપીના પગ ઉપર આધાર રાખી શકાય નહી.

(૯) આ કામે ઉભયપક્ષની દલીલના સંદર્ભમાં ફરીયાદપક્ષે રજુ પુરાવો જોવામાં આવે તો આ કામે ફરીયાદી નીધીબેન રજનીકાન્ત પટેલને આંક–૦૫

થી તપાસતાં તેણી પોતાના પુરાવામાં જણાવે છે કે, હાલનો બનાવ આશરે એકાદ વર્ષ અગાઉ કનેરા મુકામે મહાદેવના મંદીર પાસે બનેલ. બનાવના દીવસે હું તથા મારા ફોઈની દીકરી સાક્ષીબેન તથા મારી ફ્રેન્ડ કિંજલ ત્રણેય જણા સાક્ષીનુ એકટીવા લઈ ગોબલજ મુકામે ગયેલ અને ગોબલજથી પરત આવતા હતા ત્યારે કનેરા ગામમાં આવેલ મહાદેવના મંદીર આગળ ચારેક ઈસમો ઉભા હતા જેઓ અમારા એકટીવા આગળ આવી ગયેલ અને અમારી સાથે ખેંચતાણ કરેલ. બનાવ સમયે અંધારૂ હતું તેથી આ ઈસમો કોણ હતા તે મે જોયેલ નહી. અમે બુમાબુમ કરતા ગામના બીજા લોકો આવી ગયેલ અને આ ચારેય જણા અમારી એકટીવાને નુકશાન કરી જતા રહેલ. ત્યારબાદ આ બનાવની ફરીયાદ ખેડા ટાઉન પો.સ્ટે.માં આપેલ તેમ જણાવી આંક–૦૬ થી ફરીયાદ રજુ કરી તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. વધુમાં જણાવે છે કે જે તે વખતે ફરીયાદમાં શકના આધારે આરોપીનું નામ પિયુષભાઈ ઠાકોર લખાવેલ પરંતુ તેઓ બનાવ સમયે હતા કે કેમ તેનો મને ખ્યાલ નથી. આમ, સદર ફરીયાદી ખુદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ ન હોઈ ફરીયાદપક્ષની મૌખિક વિનંતીથી આ ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા લંબાણપુર્વકની ઉલટતપાસ કરવા છતાં ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક કોઈ હકીકત મળી આવેલ નથી. તદુઉપરાંત આ ફરીયાદી બચાવપક્ષે કરવામાં આવેલ પોતાની ઉલટ તપાસમાં સ્પષ્ટ સ્વીકારે છે કે, બનાવ સ્થળે હું મારી ફોઈની દીકરી સાક્ષી તથા મારી ફ્રેન્ડ કિંજલ ઠાકોર એમ ત્રણ જણા એકટીવા પાસે ઉભા હતા. એ હકીકત પણ સ્વીકારે છે કે બનાવ સમયે અંધારૂ હતુ અને ચાર પાંચ છોકરાઓ અમારી પાસે આવેલ. એ હકીકત પણ સ્વીકારે છે કે, આ છોકરાઓ કોણ હતા અને કયાંના હતા અને કોણે મારી સાથે ખેંચતાણ કરેલ તેની મને ખબર નથી.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ રજનીકાન્ત ચંદુભાઈ પટેલને આંક–૦૭ થી તપાસતાં આ સાહેદ પોતાના પુરાવામાં જણાવે છે કે, આ કામના ફરીયાદી મારી દીકરી થાય છે. આશરે એકાદ વર્ષ અગાઉ મારી દીકરી નીધી તથા મારી

ભાણી સાક્ષી તથા તેની બહેનપણી કિંજલ ત્રણેય જણા ગોબલજ મુકામે ગયેલ અને ગોબલજથી રાત્રે પરત ફરતા એકટીવા લઈને આવતા હતા ત્યારે ગામના કેટલાક છોકરા મહાદેવ આગળ ઉભા હતા અને તેમની એકટીવા આગળ આવી એકટીવા ઉભુ રખાવી બોલાચાલી ઝઘડો કરેલ એ સિવાય બીજુ કઈ જાણતો નથી. વધુમાં જણાવે છે કે, બોલાચાલી થતા અમો બધા બનાવવાળી જગ્યાએ આવેલ અને અમોને જોઈને છોકરાઓ ત્યાંથી નાસી ગયેલ. આ બાબતે મે નીધીને પુછપરછ કરતાં તેણે જણાવેલ કે અજાણ્યા લોકો હતા અને તે લોકો કોણ હતા તેની મને ખબર નથી. આ બનાવ બાબતે શકના આધારે મારી દીકરીએ અમારા ગામના પિયુષભાઈ ઠાકોરનાઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલ. બનાવ સ્થળે મે પિયુષભાઈ ઠાકોરને જોયેલ નહી. આ બનાવ બાબતે મારી દીકરીએ ફરીયાદ આપતાં તેના અનુસંધાને પોલીસે જવાબ લીધેલ. આ સાહેદ બચાવપક્ષે કરવામાં આવેલ પોતાની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, બનાવ વખતે હું સ્થળ ઉપર હાજર ન હોવાથી બનાવ કેવી રીતે બનેલ, શું બનેલ અને કોણે શું કરેલ તેની મને કોઈ જાત માહિતી નથી. આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ મૌખિક પુરાવો તપાસેલ નથી અને વધુ પુરાવા બંધ કરવા અંગે પુરસીસ રજુ કરતાં આ કામે ફરીયાદપક્ષનો વધુ મૌખિક પુરાવો ન્યાયના હિતમાં બંધ કરવામાં આવેલ છે.

(૧૧) આ કામે બચાવ પક્ષ તરફથી વાંધો નહી લેતાં, આંક-૦૮ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ કરવામાં આવેલ છે, પરંતુ આ અંગે કોઈ સાહેદ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ નથી. વળી, આ કામે આંક-૦૮ થી રજુ પંચનામાના દસ્તાવેજી પુરાવા આધારે પણ તેમાં જણાવેલ સ્થળે બનાવ બનેલ હોવાનું એક સમયે માની લેવામાં આવે તો પણ આ કામે કહેવાતા બનાવ સમયે હાલના આરોપીએ શું રોલ ભજવેલ તેવી કોઈજ હકીકત ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ખુદ ફરીયાદી જણાવતા નથી ત્યારે સદર પંચનામાનો દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ પુરવાર થતા નથી.

**(૧૨)** આમ, ઉપરોકત પેરામાં કરેલ ચર્ચા મુજબ આ કેસના મહત્વના સાહેદ એવા ખુદ ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. બનાવ સમયે, સ્થળે અને વિગતે આરોપીએ ફરીયાદીનો હાથ પકડી ખેંચતાણ કરી આબરુ લેવાની કોશીશ કરેલ હોય તે હકીકત પુરવાર થતી નથી તે સંજોગોમાં સદર કામે આક્ષેપાયેલા ગુનાના મુખ્ય આવશ્યક તત્વો પુરવાર થતા નથી. વધુમાં ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ આરોપીએ પથ્થર મારી એકટીવાની આગળની લાઇટ તોડી નાંખી નુકસાન કરેલ, પરંતુ આ કામે ખુદ ફરીયાદીએ પોતાના પુરાવામાં સ્પષ્ટ જણાવે છે કે, બનાવ સમયે ચારેક અજાણ્યા છોકરાઓએઉભા રાખેલ જે કોણ હતા તેની ખબર ન હોવાનું અને હાલની ફરીયાદ એકમાત્ર શક આધારે પિયુષભાઈ સામે કરેલ હોવાનુ જણાવતા હોય ત્યારે કહેવાતા બનાવમાં જે વ્યકિતઓ સંડોવાયેલ હતા તેમાં હાલના આરોપી હતા કે કેમ? તે હકીકત ખુદ ફરીયાદપક્ષ જણાવતો નથી અને સ્પષ્ટ જણાવે છે કે ફકત શક આધારે ફરીયાદમાં નામ લખેલ તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનાં પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે અને  આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવાપાત્ર છે તે ધ્યાને લેતાં અન્ય સાહેદોને તપાસવામાં આવે અને તેઓ ફરીયાદપક્ષના કેસને સંપુર્ણપણે સમર્થન કરે તો પણ ફરીયાદ પક્ષના કેસના ગુણદોષમાં કોઈ ફેર પડે તેમ ન હોઈ તે સાહેદોને તપાસવામાં આવેલ નથી. આમ, આ કામે રજુ થયેલ પુરાવાને ધ્યાનમાં લેતાં ફરીયાદ પક્ષ પોતાના કેસની હકીકતો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોઈ મુદ્દા નં. ૧ નો જવાબ '' નકારમાં '' ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

૧. આ કામનાં આરોપી વિશાલ ઉર્ફે પિયુષ મુકેશભાઈ મકવાણા (ઠાકોર),રહે.કનેરા,પટેલવાસ,તા.જી.ખેડાવાળાને બી.એન.એસ.એસ.કલમ

૨૭૧ (૧) અન્વયે તેની સામેના બી.એન.એસ.કલમ ૭૪, ૩૫૨, ૩૨૪(૪) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ઉપરોકત ચુકાદા વિરૂધ્ધ ભવિષ્યમાં અપીલ થાય તો તેવા સંજોગોમાં આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૧ માં કરવામાં આવેલ જોગવાઈ અનુસાર જામીન લેવા જરૂરી જણાતું હોય આરોપીએ અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલું રાખવા આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૯મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯.૦૪.૨૦૨૬ (મહેશકુમાર ચીમનલાલ પટેલ)
મુ.ખેડા. અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ,
ખેડા.
[GJ01199]